CITY પલ્સ


email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૭ માર્ચ, ૨૦૨૬ 

**ડિપ્લોમા એરોનોટિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીની સિદ્ધિને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું**

# ફાઈટર જેટના પાયલોટોના જીવ બચાવવા માટે ક્રાંતિકારી ઓટો લોકિંગ કેનોપી સિસ્ટમ વિકસાવી



વડોદરાના 17 વર્ષીય વિદ્યાર્થી જૈનિલ ચાંપાનેરિયાએ ફાઈટર જેટના પાયલોટોના જીવ બચાવવા માટે ક્રાંતિકારી ઓટો લોકિંગ કેનોપી સિસ્ટમ વિકસાવી છે. રાજસ્થાનના ચુરુમાં ભારતીય વાયુસેનાના જગુઆર ફાઈટર જેટના અકસ્માતમાં ટેકનિકલ ખામીને કારણે પાયલોટે જીવ ગુમાવ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટનાથી વ્યથિત થઈને જૈનિલે ભવિષ્યમાં આવી જાનહાનિ રોકવાના દ્રઢ સંકલ્પ સાથે આ મિકેનિકલ બેકઅપ તૈયાર કર્યું છે. ડિપ્લોમા એરોનોટિકલ એન્જિનિયરિંગના આ છાત્રની સિદ્ધિને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. હાલ તે આ ટેકનોલોજીને ભારતીય વાયુસેનામાં અમલી બનાવવા ડીઆરડીઓ સાથે સહયોગ કરી રહ્યો છે. જૈનિલે ફાઈટર પ્લેનની કેનોપી એટલે કે કોકપિટ લોકિંગ સિસ્ટમની ગંભીર ખામી શોધી તેનું સચોટ નિવારણ પ્રસ્તુત કર્યું છે. છેલ્લા 15 વર્ષના વિમાન અકસ્માતોના ગહન અભ્યાસ બાદ તૈયાર થયેલું આ અલકાસ મોડેલ પાયલોટો માટે મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડશે. સામાન્ય રીતે ફાઈટર પ્લેનમાં ઈમરજન્સી સમયે જો ઈલેક્ટ્રિકલ કે હાઈડ્રોલિક સિસ્ટમ નિષ્ફળ જાય, તો પાયલોટ સુરક્ષિત રીતે ઈજેક્ટ થઈ શકતા નથી. જૈનિલે આ સમસ્યાના ઉકેલ રૂપે એક ઓટો-લોકિંગ મિકેનિકલ બેકઅપ સિસ્ટમ બનાવી છે, જેની સંરક્ષણ ક્ષેત્રે ઉપયોગિતા માટે તેણે પેટન્ટ પણ દાખલ કરી છે. રાષ્ટ્રીય હેકાથોનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર જૈનિલ હવે ડીઆરડીઓના માર્ગદર્શન હેઠળ આ ટેકનોલોજી પર કાર્યરત છે. 17 વર્ષના આ કિશોરની દૂરંદેશી આવનારા સમયમાં ભારતીય વાયુસેનાના જાંબાઝ પાયલોટો માટે જીવનરક્ષક સાબિત થશે.



**રાષ્ટ્રીય હેકાથોનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર જૈનિલ હવે ડીઆરડીઓના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજી પર કાર્યરત**



### મોડેલ પાયલોટો માટે મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડશે

ગત વર્ષે મને જાણવા મળ્યું કે, અમુક ફાઈટર પાયલોટમાં જે કેનોપી સિસ્ટમ આવે છે, તેનામાં જ પ્રોબ્લેમ હોય છે, તો મેં મારી જાતે કેનોપીનું રિસર્ચ કર્યું, પછી મેં ઓટો લોકીંગ મિકેનિકલ સિસ્ટમ બનાવી છે. જે કેનોપી પ્રેઝન્ટ છે. જ્યારે પાયલેટને એક ઈમર્જન્સીઈ સિચ્યુએશન આવે. પેરાશુટથી લેન્ડ થતાં પહેલાં જે ગ્લાસ ટાઈપનું સ્ટ્રક્ચર હોય કેનોપી જેને આપણે કહીએ તે લોક હોવું જરૂરી છે. જો એ લોક ના હોય તો એ કાંતો ઈજેક્ટ કરી શકતા ના હોય, એના માટે આપણી પાસે અત્યારે એરક્રાફ્ટમાં ત્રણ સિસ્ટમ પ્રેઝન્ટ છે. ઈલેક્ટ્રિકલ પાવર અને હાઇડ્રોલિક પણ, તે હોવા છતાં પણ એક એકદમ ઓપન નથી થતું. એના માટે જ અમે એક બેકપ સિસ્ટમ બનાવી છે. જે મોડેલ પાયલોટો માટે મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડશે. -જૈનિલ ચાંપાનેરિયા

**નર્મદપુરાની કૃપા સખી મંડળની બહેનોએ તહેવારોને બનાવ્યો રોજગારનો ઉત્સવ**

# ફરસાણના ગૃહઉદ્યોગથી સ્વાવલંબન તરફ આગળ વધતી ગ્રામ્ય મહિલાઓ



ભારત તહેવારોની ધરતી છે. અહીં દર મહિને આવતા તહેવારો માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક આનંદ પૂરતા મર્યાદિત નથી રહેતા, પરંતુ રોજગાર અને આત્મનિર્ભરતાની નવી તકો પણ ઉભી કરે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓ માટે તહેવારો આવક વધારવાનો સોનેરી અવસર બની રહ્યા છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના નર્મદપુરા ગામનું "કૃપા સખી મંડળ" આ પરિવર્તનની જીવંત સાબિતી છે. ગુજરાત સરકારની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત અમલમાં આવેલી સ્વસહાય જૂથ યોજનાઓ ગ્રામ્ય મહિલાઓના આર્થિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ગૃહઉદ્યોગ, તાલીમ અને નાણાકીય સહાય દ્વારા મહિલાઓને રોજગાર સાથે જોડવામાં આવી રહી છે. આ જ યોજનાના અંતર્ગત રચાયેલ કૃપા સખી મંડળ છેલ્લા છ વર્ષથી સતત કાર્યરત રહી સફળતાપૂર્વક ગૃહઉદ્યોગ ચલાવી રહ્યું છે. ૧૦ બહેનોના આ જૂથે સરકાર તરફથી મળેલી રૂ. ૬ લાખની કેશ ક્રેડિટ લોનના આધાર પર નાસ્તા-ફરસાણ બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો હતો. સાથે સાથે તેઓ દર મહિને રૂ. ૨૦૦ની બચત કરીને આર્થિક શિસ્ત પણ જાળવી રહ્યા છે.

### તહેવારો પ્રમાણે બદલાતો વ્યવસાયનો સ્વાદ

કૃપા સખી મંડળની બહેનો તહેવારો અનુસાર વિવિધ પ્રકારના નાસ્તા તૈયાર કરે છે. હોળીના તહેવાર નિમિત્તે ૧૦ કિલો ઘઉંની સેવનો ઓર્ડર પ્રતિ કિલો રૂ. ૨૪૦ મુજબ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. ઉપરાંત થેપલા, ફરસીપુરી, સક્કરપારા અને મેથીપુરી જેવા અનેક પરંપરાગત નાસ્તાઓના ઓર્ડરો પણ બહેનો દ્વારા તૈયાર કરવામાં આવ્યા. ઓર્ડર મુજબ તાજા, સ્વચ્છ અને સ્વાદિષ્ટ નાસ્તા તૈયાર કરવાની તેમની પ્રતિબદ્ધતાને કારણે ગ્રાહકોનો વિશ્વાસ સતત વધતો જાય છે.







### "દરેક મહિલાએ ગૃહઉદ્યોગ શરૂ કરવો જોઈએ" જયશ્રીબેન ચૌહાણ

કૃપા સખી મંડળના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન શૈલેષભાઈ ચૌહાણ જણાવે છે કે મહિલાઓએ આત્મનિર્ભર બનવા માટે ગૃહઉદ્યોગ તરફ આગળ વધવું જોઈએ. તેઓ કહે છે કે સરકાર તરફથી મળેલી સહાય અને તાલીમના આધારે આજે મંડળની તમામ બહેનો કોઈને કોઈ ઉત્પાદન પ્રવૃત્તિ સાથે જોડાઈ છે.તહેવારો અનુસાર ઉત્પાદનોમાં વિવિધતા લાવી તેઓ વધારાની આવક મેળવી રહી છે, જે ગ્રામ્ય મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયક ઉદાહરણ છે.

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા

# વડોદરામાં બોડી બિલ્ડિંગ સંસ્કૃતિના શિલ્પી

### રાજાશાહી પ્રેરણાથી વિકસેલી શરીરચર્યા સંસ્કૃતિ




રમતગમત વિષય પર સંશોધન કરનાર ડો. અર્જુનસિંહ મકવાણાના જણાવ્યા મુજબ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા પોતે શારીરિક શિક્ષણ અને પરંપરાગત ભારતીય રમતોના પ્રબળ સમર્થક હતા. તેમના શાસનકાળ દરમિયાન રાજ્યમાં ૧૫૦થી વધુ પહેલવાનોને સ્થાન આપવામાં આવ્યું હતું. પ્રસિદ્ધ ગામા પહેલવાનને પણ વડોદરા રાજ્યમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. રાજ્યમાં યોજાતી "રોયલ બરોડા ગાયકવાડ ઓલિમ્પિક" જેવી સ્પર્ધાઓમાં કુસ્તી, બોડી બિલ્ડિંગ અને અન્ય શારીરિક રમતોનો સમાવેશ થતો હતો. આ પ્રવૃત્તિઓએ અખાડા સંસ્કૃતિને મજબૂત આધાર આપ્યો.

### અખાડાથી જીમ સુધીનો સફર

પ્રોફેસર માણેકરાવ દ્વારા હિંદ વિજય જીમખાનામાં પરંપરાગત રમતો અને બોડી બિલ્ડિંગને પ્રોત્સાહન મળ્યું, જેના કારણે શહેરમાં અખાડા પ્રવૃત્તિઓ ઝડપથી વિકસવા લાગી. ત્યારબાદ બોડી બિલ્ડિંગ શહેરની ઓળખનો મહત્વપૂર્ણ ભાગ બન્યું. ૧૯૬૦ના આસપાસ દાંડિયા બજાર વિસ્તારમાં સ્થાપિત થયેલી "મિસિકો જીમ" વડોદરાની પ્રથમ આધુનિક જીમ તરીકે જાણીતી બની. અહીંથી બોડી બિલ્ડિંગ પ્રત્યે યુવાનોમાં વિશેષ રસ વધ્યો. "મિસ્ટર મિસિકો" બનનાર ખેલાડીને જીવનભરની મફત સભ્યતા આપવામાં આવતી હતી-જે તે સમય માટે વિશેષ સન્માન માનાતું હતું.



### વડોદરાના બોડી બિલ્ડિંગના ગૌરવપૂર્ણ ચહેરા



**પ્રતાપભાઈ સાધનાની** : મિસ્ટર બરોડા, મિસ્ટર ગુજરાત
**રામચંદ્ર જામદાર** : ૩૫ ટાઇટલ વિજેતા
**સંતોષ કહાર** : યુથ મિસ્ટર ઇન્ડિયામાં ત્રીજો ક્રમ
**વિજય પંચાલ** : મિસ્ટર બરોડા
**સંજય ખેરે** : મિસ્ટર બરોડા, મિસ્ટર ગુજરાત
**ભાવેશ ત્રિવેદી** : મિસ્ટર બરોડા, મિસ્ટર ગુજરાત
**ગોપાલ ઠક્કર** : ૧૯૭૪થી ૧૯૮૦ દરમિયાન પ્રતિનિધિત્વ
**મૃગેશ શાહ** : મિસ્ટર બરોડા
**સત્યેન્દ્ર પંચાલ** : ૭ વખત મિસ્ટર ગુજરાત
**રાજેશ શાને** : મિસ્ટર બરોડા
**અજય આહીરરાવ** : મિસ્ટર બરોડા, મિસ્ટર ગુજરાત
**નામદેવ મોરે** : મિસ્ટર ઇન્ડિયા અને મિસ્ટર એશિયા પ્રતિનિધિ

આ ખેલાડીઓએ વડોદરાને બોડી બિલ્ડિંગના નકશામાં વિશેષ સ્થાન અપાવ્યું છે.

વડોદરા શહેર આજે ફિટનેસ અને બોડી બિલ્ડિંગ ક્ષેત્રે ગુજરાતના અગ્રણી કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. પરંતુ આ પરંપરાની શરૂઆત આજથી દાયકાઓ પહેલાં નહીં, પણ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયથી થઈ હતી. તેમના પ્રગતિશીલ શાસનકાળ દરમિયાન શારીરિક શિક્ષણ, કુસ્તી, અખાડા સંસ્કૃતિ અને બોડી બિલ્ડિંગને વિશેષ પ્રોત્સાહન મળ્યું હતું. પરિણામે વડોદરા રાજ્યમાં શરીરચર્યા માત્ર રમત નહીં પરંતુ જીવનશૈલી બની.



### પરંપરાથી પ્રેરિત આજનો ઉત્સાહ

સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પબ્લિક સ્કૂલ, છાણી ખાતે ૧૭મી "મિસ્ટર ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધા-૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૨૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. ઇન્ડિયન બોડી બિલ્ડર્સ ફેડરેશનના સચિવ ચેતન પઠારે અને ઉપપ્રમુખ તુલસી સુજાન ખાસ ઉપસ્થિત રહેશે.

# રૂપાંતરણ

## સ્વરૂપથી વિચાર સુધીની સફર













વડોદરાની કલા સંસ્કૃતિમાં યુવા કલાકારો હંમેશાં નવી ઉર્જા ઉમેરે છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં યોજાયેલ "રૂપાંતરણ" શિલ્પ પ્રદર્શન પણ એવી જ એક તાજગીભરી રજૂઆત બની રહ્યું છે–જ્યાં શિલ્પ માત્ર આકાર નથી, પરંતુ વિચારનું જીવંત સ્વરૂપ છે. એમવીએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ આ પ્રદર્શન ૨૩ માર્ચે ફેકલ્ટી ગેલેરીમાં ખુલ્યું. ઉદ્ઘાટન પ્રસંગે દીપ પ્રાગટ્યની પરંપરાગત વિધિ સાથે સર્જનાત્મકતા અને સંવેદનાનો એક નવો અધ્યાય શરૂ થયો. "રૂપાંતરણ" શબ્દ અહીં ખૂબ જ અર્થપૂર્ણ બની જાય છે. દરેક કૃતિમાં કંઈક બદલાતું, વિકસતું અને નવી રીતે વ્યક્ત થતું જોવા મળે છે. ક્યાંક સામગ્રીનું રૂપાંતરણ છે, તો ક્યાંક વિચારનું; ક્યાંક આંતરિક લાગણીઓનો અવાજ છે, તો ક્યાંક આસપાસની દુનિયા સાથેનો સંવાદ. વિદ્યાર્થીઓએ વિવિધ માધ્યમો સાથે પ્રયોગ કરીને શિલ્પને એક નવી દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો છે. પરંપરાગત માળખાંની બહાર આવીને તેઓએ સ્વતંત્ર અભિવ્યક્તિ તરફ પગલું ભર્યું છે. આ પ્રદર્શન દર્શાવે છે કે નવી પેઢી માટે કલા ફક્ત કૌશલ્ય નહીં, પરંતુ વિચારવાની અને વ્યક્ત થવાની પ્રક્રિયા છે. ૧૫ યુવા કલાકારોની આ સામૂહિક રજૂઆતમાં વિવિધતા હોવા છતાં એક આંતરિક એકતા અનુભવાય છે–શોધવાની, સમજવાની અને પોતાને વ્યક્ત કરવાની ઈચ્છા. "રૂપાંતરણ" એ જ ઈચ્છાનો સુંદર પ્રતિબિંબ છે.



